કભી સુખ હૈ, કભી દુ:ખ હૈ, ઈસીકા નામ જીવન હૈ, જો મુશ્કિલમેં ન ઘબરાએ, ઉસે ઈન્સાન કહતે હૈ...

## રાજ્યમાં વધુ ૫૪૬૯ નવા કેસ : ગાંધીનગરમાં ૧૦૧ : અમદાવાદમાં ૧૫૦૪




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧ | ૧૨ એપ્રિલ, ૨૦૨૧, સોમવાર; ફાગણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ૧,૫૨,૮૭૯

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ : એક્ટીવ કેસ ૧૧ લાખને પાર, વધુ ૮૩૯ મૃત્યુ સાથે મૃત્યુ આંક ૧,૬૯,૨૭૫

નવી દિલ્હી, તા. ૧૨

કોરોના મહામારીનું રૌદ્ર સ્વરૂપ દેશમાં કહેર મચાવી રહ્યું છે. દરરોજ નવો દિવસ પસાર થતાં કેસની સંખ્યામાં ધરખમ વધારો થઇ રહ્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં એક વખત ફરી કોરોનાના નવા કેસોએ છેલ્લાં તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લાં ૨૪ કલાકમાં ૧,૫૨,૮૭૯ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે. જે કોરોના મહામારીની શરૂઆતથી લઇ અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. દેશમાં સંક્રમિત થઇ ચૂકેલા લોકોની સંખ્યાની વાત કરીએ તો હવે આ આંકડો હવે ૧,૩૩,૫૮,૮૦૫ પહોંચી ચૂકયો છે.

વીતેલા સપ્તાહની વાત કરીએ તો સોમવારથી અત્યાર સુધીમાં અંદાજે ૬ લાખ નવા કેસ નોંધાઇ ચૂકયા છે. સતત વધતા આંકડાની સાથે જ દેશમાં કુલ કેસની સંખ્યા ૧.૩૩ કરોડના પાર થઇ ગઇ છે. ચિંતાની વાત એક્ટિવ કેસની સંખ્યામાં વધારો છે. હવે એક્ટિવ કેસનો આંકડો ૧૧ લાખને પાર થઇ ગયો છે. જ્યારે થોડાંક સમય પહેલાં દેશમાં માત્ર એક લાખની નજીક જ એક્ટિવ કેસ હતા. તો મહારાષ્ટ્ર પણ દેશના કોરોના ટેલીમાં શરૂઆતથી ટોપ પર બનેલું છે. ત્યાં છેલ્લાં લગભગ દસ દિવસમાં દરરોજ ૫૦૦૦૦થી વધુ નવા કોરોના કેસ સામે આવી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં કોરોના મહામારીએ તાંડવ મચાવ્યું છે. શનિવારે વીકેન્ડ લૉકડાઉનનો પ્રથમ દિવસ હતો પરંતુ હવે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સંપૂર્ણ લૉકડાઉના વિકલ્પ પર વિચાર કરી રહ્યાં છે. પરંતુ આ નિર્ણય એટલો સરળ નથી. પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસ સંપૂર્ણ લૉકડાઉન જેવા નિર્ણય વિરુદ્ધ સરકારને ચેતવી રહ્યા છે. રાજ્યમાં કોરોનાની સ્થિતિ પર ચર્ચા માટે બોલાવવામાં આવેલી સર્વદળીય બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, અહીં કુવો ત્યાં ખાઈ જેવી સ્થિતિ છે. પરંતુ આકરા નિર્ણય કરવા પડશે. થોડી તકલીફ ભોગવવી પડશે. તેમણે કહ્યું કે, છૂટ અને આકરા નિયમો એક સાથે મુશ્કેલ છે. ૨ દિવસમાં જાહેરાત કરવામાં આવશે. રવિવારે રાજ્યમાં કોવિડ ટાસ્ક ફોર્સની આપાતકાલિન બેઠક બોલાવવામાં આવી છે.



રેમડેસિવિર માટે લાંબી લાઈન : ઝાયડસ હૉસ્પિટલના પ્રાંગણમાં વહેલી સવારે ૪ વાગ્યાથી બે કિલોમીટર લાંબી લાઈન કોરોના દર્દીના સગાઓને રેમડેસિવિર ઈન્જેકશન લેવા માટે લાગી હતી. સવારે ૪ વાગે અમદાવાદ અને આસપાસના કોરોનાગ્રસ્ત દર્દીઓના સગાઓ બે - ત્રણ કલાકથી લાઈનમાં ઊભા રહી જીવનરક્ષક ગણાતી દવા મેળવવા શિસ્તબદ્ધ લાઈનમાં ઉભા રહ્યા હતા. જે મોડી સાંજ સુધી આવા દ્રશ્યો રહ્યા હતા.

## દિલ્હીમાં કોરોનાની ખતરનાક લહેર ચાલી રહી છે : કેજરીવાલ

નવી દિલ્હી, તા. ૧૨

દેશની રાજધાની દિલ્હીમાં ફરી એકવાર કોરોના બેકાબૂ બની રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ હજારથી વધુ કેસોએ સરકારની સાથે સામાન્ય લોકોની પણ ચિંતા વધારી દીધી છે. રાજધાનીમાં કોરોના સંક્રમણનો આ આંકડો સતત વધી રહ્યો છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો બાદ લૉકડાઉનની અટકળો પણ ચર્ચાવવા લાગી છે. આ અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચિંતા વ્યક્ત કરી છે.

કોરોનના કહેર અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દિલ્હીમાં કોરોનાની એક ખતરનાક લહેર ચાલી રહી છે. દિલ્હી સરકાર લૉકડાઉન લાદવા માંગતી નથી, પરંતુ કાલે મજબૂરી હેઠળ કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આજે જે રિપોર્ટ આવ્યો છે તેમાં ૨૪ કલાકમાં ૧૦,૭૩૨ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે. લોકોને અપીલ છે કે, ખૂબ જ જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળે.કેજરીવાલે કહ્યું કે, હું લૉકડાઉનની તરફેણમાં નથી. કોઈપણ સરકારે ત્યારે જ લોકડાઉન કરવું જોઈએ જ્યારે હૉસ્પિટલોની વ્યવસ્થા ભાંગી પડે. તમારા સહકારની જરૂર છે.

## છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશામાં પવન સાથે વરસાદની આગાહી

ન્યુ દિલ્હી, તા.૧૧

હવામાન વિભાગે ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મધ્ય ભારતને લઈને હવામાન ખાતાએ જાણકારી આપી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૩ દિવસમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશામાં વરસાદની સંભાવના છે.

હવામાનની આગાહી એ છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ સહિત બંગાળ અને ઓડિશામાં વરસાદ પડવાની સંભાવના છે. આ સાથે જોરદાર પવન પણ ફૂંકાશે. આગામી બે દિવસ આ પ્રકારનાં હવામાનની સ્થિતિ ઝારખંડમાં પણ જોવા મળશે. જ્યારે, બિહાર, બંગાળ અને સિક્કિમમાં આગામી ૨૪ કલાક દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે.

## મહાભારતના એક્ટર સતીશ કૌલનું કોરોનાથી નિધન

ન્યુ દિલ્હી, તા.૧૧

ધાર્મિક ટીવી શો મહાભારતના અભિનેતા સતીષ કૌલનું કોરોનાવાયરસના કારણે નિધન થયું છે. મહાભારતના એક્ટર સતીશ કૌલે ૭૩ વર્ષની ઉંમરે શનિવારે (૧૦ એપ્રિલ) લુધિયાણામાં અંતિમ શ્વાસ લીધા. સતીશ કૌલે પૌરાણિક શ્રૃંખલા મહાભારતમાં ભગવાન ઈન્દ્રની ભૂમિકા નિભાવી હતી. સતીષ કૌલના નિધનમાં મહાભારતમાં તેમની સાથે કામ કરનાર તેમના અન્ય સાથી કલાકાર ખુબ દુખી થયા છે. મહાભારતમાં યુદ્ધિષ્ઠિરનો રોલ નિભાવનાર અભિનેતા ગજેન્દ્ર ચૌહાણે સતીષ કૌલના નિધન પર દુખ જતાવ્યું. અભિનેતા ગજેંદ્ર ચૌહાણે કહ્યું કે સતીશ કૌલનું નિધન આપણા બધા માટે એક બોધપાઠ છે. તેમણે કહ્યું કે સતીશ કૌલ સાથે અમે જરૂર કામ કર્યુ છે પરંતુ પાછલા કેટલાય વર્ષોથી તે ગુમનામીમાં જીવી રહ્યા હતા. તેઓ એક બહુ સરળ સ્વભાવના માણસ હતા.

### કેસ વધ્યા છે ત્યારે રેમડેસિવિરની માગમાં વધારો

## કોરોના કહેર વધતા રેમડેસિવિરના નિકાસ પર પ્રતિબંધ મુકાયો

નવીદિલ્હી, તા. ૧૧

નવી દિલ્હીઃ ભારતમાં કોરોના વાયરસના કેસ રોકેટ ગતિએ વધી રહ્યા છે. તેવામાં રેમડેસિવિર ઈન્જેક્શનની ભારે માંગ જોવા મળી રહી છે. જેને ધ્યાનમાં રાખતા કેન્દ્ર સરકારે જ્યાં સુધી દેશમાં કોરોનાની પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી રેમડેસિવિરના ઈન્જેક્શનની નિકાસ પર પ્રતિબંધ લગાવી દીધો છે. દર્દીઓ તથા હોસ્પિટલોને રેમડેસિવિર ઈન્જેક્શન મળી રહે તે માટે કેન્દ્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારના જણાવ્યા પ્રમાણે કોરોનાના કેસમાં અચાનક જ ઉછાળો આવ્યો છે જેના કારણે રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂરીયાત વધી ગઈ છે. કોવિડ-૧૯ના દર્દીઓ માટે હજી પણ ઈન્જેક્શનની માંગમાં વધારો થશે જેના કારણે તેના નિકાસ પર રોક લગાવવામાં આવી છે.

ભારતની સાત કંપનીઓ રેમડેસિવિર ઈન્જેક્શનનું ઉત્પાદન કરે છે. આ કંપનીઓ દર મહિને ૩૮.૮૦ લાખ યુનિટના ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. તમામ ઘરેલું ઉત્પાદકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોતાની વેબસાઈટ પર રેમડેસિવિર ઈન્જેક્શનના સ્ટોક, તેના ડિસ્ટ્રિબ્યુશન વગેરેની જાણકારી ઉપલબ્ધ કરાવે. રાજ્યોના હેલ્થ સચિવોને ડ્રગ ઈન્સપેક્ટર દ્વારા રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજાર ન થાય તે જોવાનું રહેશે. જરૂર પડે યોગ્ય કાર્યવાહી કરવી પડશે. ફાર્માસ્યુટિકલ ડિપાર્ટમેન્ટ ઉત્પાદકોના સંપર્કમાં છે અને રેમડેસિવિરનું ઉત્પાદન વધારેમાં વધારે થાય તે સુનિશ્ચિત કરી રહ્યું છે.

## મહારાષ્ટ્રમાં ૭ દિવસના લોકડાઉનના સંકેત

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્રમાં કોરોનાની બેકાબૂ સ્પીડની વચ્ચે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ સખ્ત લોકડાઉનના સંકેત આપી દીધા છે. બે દિવસની અંદર તેઓ તેની જાહેરાત કરી શકે છે. સૂત્રોના મતે રવિવારના રોજ ટાસ્ક ફોર્સની ખાસ બેઠક બોલાવી છે. ચર્ચા છે કે કોરોનાની ચેઈન તોડવા માટે ૮ દિવસ કે પછી ૧૫ દિવસનું સખ્ત લોકડાઉન લગાવી શકે છે. જો કે તેના પર આખરી નિર્ણય રવિવાર અને સોમવારના રોજ યોજાનાર કેટલીક બેઠકો બાદ જ લેવાશે. આ સંબંધમાં શનિવારના રોજ મુખ્યમંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સર્વદલીય બેઠક બોલાવી હતી. આ મીટિંગમાં ઠાકરે એ સ્પષ્ટ ઈશારો કરી દીધો છે કે તેઓ મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણને રોકવા માટે ટૂંક સમયમાં જ સખ્ત લોકડાઉન લગાવા માંગે છે.

બેઠકમાં મુખ્યમંત્રીએ ભારપૂર્વક કહ્યું કે લોકડાઉન સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. તેમણે લોકોની મદદ માટે બે દિવસમાં યોજના તૈયાર કરવાની વાત કહી. ઉદ્ધવે સ્પષ્ટ કહ્યું કે કોરોનાની ચેઈન તોડવા માટે સખ્ત લોકડાઉન લગાવાની જરૂર છે. સખ્ત લોકડાઉન અને છૂટ બંને એક સાથે ચાલી શકે નહીં. જો કે વિપક્ષી દળ ભાજપે વચ્ચેનો રસ્તો નીકાળવાની વાત કહી છે. તેમનું કહેવું છે કે સંપૂર્ણ લોકડાઉન ઉપાય નથી. આમ આદમી, ગરીબ, મજૂર અને વેપારીઓ અંગે પણ સરકારે વિચારવું જોઈએ.




ટેલિફોનિક બેસણું

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥



સ્વ. સરોજબેન વિજયકુમાર ત્રિવેદી

સ્વર્ગવાસ તારીખ : 08/04/2021

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેમનું ટેલિફોનિક બેસણું
તારીખ 12/04/2021 (સોમવાર) ના રોજ સવારે 8 થી 11
રાખેલ છે.

લિ. શોકાતુર
વિજયકુમાર અનંતરાય ત્રિવેદી 99253 85231
ડૉ. વિવેક વિજયકુમાર ત્રિવેદી 99093 56271
ડૉ. ધ્વનિ વિવેક ત્રિવેદી જીઆંશ વિવેક ત્રિવેદી
(PhysioActive Clinic, Sunrise Arcade, Kudasan)

પિયર પક્ષનું ટેલિફોનિક બેસણું પણ એ જ સમયે
શ્રીમતી ભાવનાબેન ઉપેન્દ્રકુમાર વ્યાસ
ડૉ. મુકેશ ભુપતરાય જોષી 99250 02435
શ્રીમતી તૃપ્તિબેન મુકેશભાઈ જોષી 94275 21380